ગણપત યુનિવર્સિટીના ગણિત વિભાગ દ્વારા વિશ્વવિખ્યાત ગુજરાતી ગણિતજ્ઞ પ્રો.ડો. પી.સી. વૈદ્યના પ્રદાનની વંદના કરવામાં આવી હતી. 'મેથેમેટિકલ મોડેલ્સ' : ઈનોવેટિવ એપ્રોચ ઈન મેથેમેટિક્સ એજ્યુકેશન - વિષય પર ખાસ વર્કશોપનું આયોજન થયુ.

અરવલ્લી કલેકટરે વિદ્યાર્થીનીઓ સાથે 'કોફી વિથ કલેકટર'માં સંવાદ કર્યો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાની અલગ-અલગ શાળાની વિદ્યાર્થીનીઓને જીલ્લા કલેકટર પ્રશસ્તિ પારિકે સફળતાનો મંત્ર આપ્યો, 'કોઈ પણ સપનાને સાકાર કરવા માટે મેહનત,એકાગ્રતા જરૂરી છે.મોટા સપના સાકાર કરવા માટે પાયો ખુબજ મજબૂત હોવો જોઈએ,કોઈપણ સફળતા અચાનક નથી મળતી, ઘણા પડાવથી પાર થવું પડે છે.પરંતુ એ દરેક પડાવનો સામનો કર્યા પછી સફળતા ચોક્કસ મળે છે. રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ જ દિશામાં વધુ એક નક્કર કદમ ભરી નારી સંરક્ષણ અને સન્માન માટે નારી વંદન ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. અરવલ્લી જિલ્લા ખાતે કલેકટર કચેરીમાં 'નારી વંદન ઉત્સવ ૨૦૨૩' અંતર્ગત 'કોફી વિથ કલેકટર' કાર્યક્રમ યોજાયો. જેમાં અરવલ્લી જિલ્લાની શાળાઓમાંથી અલગ અલગ પ્રકારની સિદ્ધિઓ મેળવેલ વિદ્યાર્થીઓએ કલેકટરશ્રી પ્રશસ્તિ પારીક સાથે મુલાકાત કરી તેમની સાથે સંવાદ કર્યો, જેમાં વિદ્યાર્થીઓએ અનેક પ્રકારના સવાલો તેમને મૂંઝવતા પ્રશ્નો કલેકટરને પૂછ્યા હતા વિદ્યાર્થીઓના દરેક પ્રશ્નોના જવાબ સહજતાથી આપ્યા હતા.બાળકીઓને IAS & IPS બનાવા વિશે પ્રશ્નો પૂછતાં તેઓએ પોતાના અંગત અભિપ્રાયો તેમની સાથે પ્રગટ કરીને બાળકોમાં પ્રેરણારૂપ માર્ગદર્શન આપ્યું અને બાળકીઓને ઉત્સાહ પૂર્વક,તણાવમુક્ત રીતે અભ્યાસ કરવા સાથે રમત-ગમત પ્રવૃત્તિઓમાં જોડાવા માટે તેમને પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓએ કલેકટરના અનુભવો વિશે, તેઓની કલેકટર સુધીની સફર, તેમના અનુભવો વિશે, તેમજ અનેક બીજા વિષયમાં મૂંઝવતા પ્રશ્નો પૂછ્યા હતા. ખુબજ સુંદર અને સંતોષકારક જવાબ કલેક્ટરશ્રીએ આપ્યા હતા.પ્રશ્નોને સાંભળીને તેમનાં આગળના અભ્યાસ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું

હાઈકોર્ટની ફટકાર પછી પણ કામગીરીમાં ઠાગાઠૈયા

જિલ્લાના ૮ શહેરી વિસ્તારો ફરી ઢોરવાડામાં ફેરવાયા : ડીવાઈડર ઉપર ઉગેલું ઘાસ ખાતાં પશુઓથી અકસ્માતનું જોખમ

બાયડ તા.૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮ શહેરી વિસ્તારો ચોમાસા દરમ્યાન ઢોરવાડામાં ફેરવાઈ ગયા છે. ડીવાઈડર ઉપર ઉગેલું લીલું ઘાસ ખાઈને રખડતાં પશુઓ પોતાની ભૂખ સંતોષવાની સાથે ક્યારેક ભડકે ત્યારે અકસ્માતનું જોખમ વધી ગયું છે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે રખડતાં ઢોર મુદ્દે સરકારને ઉચિત પગલાં ભરવાના આદેશ આપ્યા. થોડાક સમય માટે શહેરી વિસ્તારોમાં અમલ દેખાયો પરંતુ હવે કામગીરીમાં ઠાગાઠૈયા જોવા મળી રહ્યા છે.

મળતી જાણકારી અનુસાર રખડતા ઢોરના કારણે જિલ્લાના બાયડ, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર અને ખેડબ્રહ્મામાં અનેક લોકો અને વાહન ચાલકો ઈજાગ્રસ્ત થયા છે જે પૈકી કેટલાક ઈજાગ્રસ્તોને કાયમી અપંગતા આવી ગઈ છે અને બંન્ને જિલ્લામાં રખડતાં ઢોર પકડવા માટે સરકારમાંથી મળેલી સૂચના અનુસાર ૪ મહિના અગાઉ ૨૦૦થી વધુ પશુઓને ઢોરવાડામાં મોકલી આપ્યા પછી એક પખવાડીયામાં સ્થિતિ ઠેરની ઠેર બની ગઈ. જિલ્લાના ૮ શહેરી વિસ્તારોમાં ૨૮૦૦થી વધુ રખડતાં પશુઓ નાના વાહન ચાલકો અને રસ્તે જતા રાહદારીઓ માટે આફતરુપ બની ગયા છે અને હવે ચોમાસુ શરુ થયું એટલે પાલિકા વિસ્તારોમાં યોગ્ય કામગીરીના અભાવે ઠેર ઠેર ડીવાઈડર ઉપર ઘાસ ઉગી નિકળતાં રખડતાં ઢોર પોતાની ભૂખ સંતોષી રહ્યાં છે અને અચાનક પશુ રસ્તો ક્રોસ કરવા જાય ત્યારે અનેક વાહન ચાલકો હડફેટમાં આવી જાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કલેકટરે પણ આ મુદ્દાને ગંભીરતાપૂર્વક લઈ પાલિકા પ્રશાસનને શહેરી વિસ્તારમાં રખડતાં ઢોર પાંજરે પૂરવા માટે તાકીદની સૂચના આપવી જોઈએ.

સ્વામિત્વ યોજના સહિત જમીન માપણીની અનેક કામગીરી ખોરંભે પડશે

ઉત્તર ગુજરાતના લાયસન્સી સર્વેયરો ૧૫ ઑગષ્ટથી આંદોલનના માર્ગે

માંગણીઓ નહીં સંતોષાય તો પરવાના જમા કરાવવાની પણ ચીમકી

બાયડ, તા.૩

ઑગષ્ટ મહિનો શરુ થતાં સરકાર સામે હવે આંદોલનનો કોપ શરુ થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. રાજ્યના લાયસન્સી સર્વેયરોનું શોષણ થઈ રહ્યાની લાગણી સાથે સરકાર સમક્ષ થયેલી રજૂઆતોનો ઉકેલ ન આવે તો તા.૧૫ ઑગષ્ટથી ધ્વજવંદન કરી આંદોલનનું બ્યુગલ ફૂંકવાનો નિર્ણય કરાયો છે જેમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૫૦ થી વધુ લાયસન્સી સર્વેયરો જોડાઈ શકે છે.

મળતી જાણકારી અનુસાર તાજેતરમાં ગુજરાત લેન્ડ સર્વેયર સોશ્યલની બેઠક યોજવામાં આવી હતી. જેમાં લાયસન્સી સર્વેયરોનું સરકાર દ્વારા શોષણ થઈ રહ્યું છે અને આ અંગે રજૂઆત પછી પણ કોઈ ઉકેલ આવતો નથી તેમની મુખ્ય માગણી છે કે સ્વામિત્વ યોજનામાં એક પ્રોપર્ટીના રુ ૧૫નો ભાવ સરકારે નક્કી કર્યો છે અને સરકારના પરીપત્ર મુજબ પ્લોટ માપણી ફી રુ ૩૦૦ અને તત્કાલમાં રુ ૯૦૦ નક્કી કરાયો છે. ટ્રાવેલીંગ એલાઉન્સ અને અન્ય ખર્ચા ઉમેરી સરકારે નવેસરથી પરીપત્ર કરવો જોઈએ. લાયસન્સી સર્વેયરોને કારમી મોંઘવારીમાં પણ અનિયમિત પગારના કારણે ઘણું બધું સહન કરવાનો વારો આવ્યો છે. જ્યારે સરકાર પાસે લાયસન્સી સર્વેયરોને લેવાના નિકળતા પૈસા પણ હજુ સુધી મળ્યા નથી જેથી થયેલ રજૂઆતોનો ઉકેલ ન આવે તો આગામી તા.૨૪ ઑગષ્ટના રોજ જિલ્લા એસાસીએશન દ્વારા સર્વેયરોનાં લાયસન્સ એકત્ર કરી અને તા.૨૮ ઑગષ્ટથી કામગીરી સદંતર બંધ થઈ જશે જેના કારણે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓમાં ચાલી રહેલી સ્વામિત્વ યોજનામાં મોટી અડચણો આવી શકે છે અને તેમ છતાં પણ કોઈ ઉકેલ ન આવે તો લાયસન્સ સેટલમેન્ટ અને જમીન દફતર નિયામકની ગાંધીનગર ખાતેની કચેરીમાં જમા કરાવવાનો પણ આખરી નિર્ણય લેવાયાનું જાણવા મળેલ છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આખલા યુદ્ધ થતા રાહદારીઓ અને વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં મુખ્યમાર્ગો પર અને રહેણાંક વિસ્તારોમાં રખડતાં પશુઓ અને આખલાઓથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે મોડાસા શહેરના મેઘરજ રોડ પર રાત્રીના સુમારે બે આખલાઓ બાખડતા રાહદારીઓમાં નાસભાગ મચી હતી ભૂરાંટા બનેલા આખલા યુદ્ધનેલઈ રાહદારીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. શહેરમા રખડતા પશુઓના કારણે રાહદારીઓ અને વાહનચાલકો માટે પરેશાનીઓ વધી ગઈ છે. મોડાસા શહેરના મુખ્ય માર્ગ અને સોસાયટી વિસ્તારમાં રખડતા પશુઓએ અડિંગો જમાવ્યો છે. જેને કારણે ટ્રાફિકમાં અડચણ સાથે અકસ્માતનું જોખમ પણ વધ્યું છે, ત્યારે બુધવારે રાત્રીના સુમરે મેઘરજ રોડ પર આવેલી શ્રી રામ હેરિટેઝ એપાર્ટમેન્ટ સામે બે આખલા વચ્ચે યુદ્ધ થયું હતું. જેથી રાહદારીઓ સાથે વાહન ચાલકો તેમજ સ્થાનિક રહીશોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બે આખલાઓએ જાણે સમગ્ર જાહેર માર્ગને બાનમાં લીધો હોય તેમ જોવા મળ્યું હતું. આ આખલા યુદ્ધના પગલે રાહદારીઓ અને વાહનચાલકો હાલાકી પડી હતી અને થોડી વાર માટે ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ત્યારે રખડતા પશુઓને વહેલી તકે તંત્ર પકડીને પાંજરાપોળમાં મૂકે તેવી લોકમાંગ ઉઠી છે.

સાબરકાંઠા, અરવલ્લીમાં નવા પોલીસ વડાએ ચાર્જ સંભાળતાંની સાથે દારુના અડ્ડા બંધ

પાછલા ૨ દિવસથી દારુનું વેચાણ બંધ કરવાનો આદેશ કોને આપ્યો ??

બાયડ, તા.૦૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નવા પોલીસ વડાએ ચાર્જ સંભાળ્યો તેના ૨ દિવસ અગાઉથી દારુના અડ્ડા બંધ કરવાનો આદેશ અપાયો તે બાબત સમગ્ર જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બની છે તો અત્યાર સુધી કોના ઈશારે દારુનો વેપલો ચાલતો હતો ?? તેની તપાસ થવી જોઈએ. બંન્ને જિલ્લામાં નવા પોલીસ વડા દ્વારા વહીવટદારોની કાયમી સફાઈ કરવામાં આવે તો દારુની બદીનો અંત આવવાની સાથે ગરીબ પરિવારોને બરબાદ થતાં અટકાવી શકાશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર દર વર્ષે રુ ૮ થી ૧૨ કરોડની કિંમતનો વિદેશી દારુ ઝડપાય છે અને દારુના સપ્લાયરો મોટાભાગે વોન્ટેડ છે. તાજેતરમાં રાજ્ય પોલીસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દારુનો સપ્લાય કરનારા રાજસ્થાનના બુટલેગરની અટકાયત કરી છે. જિલ્લાના ૨૦ થી વધુ પોલીસ કર્મીઓ દારુની હેરાફેરીમાં સંડોવાયા છે અને શામળાજી પોલીસે પકડેલા દારુની ચોરીમાં પણ પોલીસ સ્ટેશનોની બહાર આવતાં જિલ્લામાં અત્યાર સુધી વાડ ચિભડાં ગળતી હોય તેવી સ્થિતિ પ્રકાશમાં આવી છે ત્યારે સાબરકાંઠા પોલીસ વડા વિજય પટેલ, અરવલ્લી પોલીસ વડા શેફાલી બરવાલે જિલ્લામાં દારુની બદીને કાયમી નેસ્તનાબૂદ કરી દેવા માટે આક્રમકતા દાખવવી પડશે કારણ કે જિલ્લાના અનેક વિસ્તારોમાં સમી સાંજથી દેશી-વિદેશી દારુનું ખુલ્લેઆમ વેચાણ થાય છે અને અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે. ત્યારે જિલ્લાના નામચીન બુટલેગરોની શાન ઠેકાણે લાવી પોલીસના કહેવાતા વહીવટદારો માટે પણ પોલીસ અધિકારીઓએ સપ્તાઈ દાખવવી પડશે.

રુપાલ પંથકમાં દિપડાના આંટાફેરાથી રાત્રે ખેતસીમાડા સૂના રહેતાં ભેલાણની ચિંતા

પાંજરુ મૂકવા છતાં દિપડો પાંજરે પુરાતો નથી

બાયડ, તા.૩

હિંમતનગર તાલુકાના રુપાલ પંથકમાં દિપડાના આંટાફેરાથી રાત્રે ખેતસીમાડા સૂના રહેતાં ખેડૂતોને ખરીફ સીઝનમાં ભેલાણની ચિંતા સતાવી રહી છે. વન વિભાગ દ્વારા પાંજરુ મૂકવામાં આવ્યું હોવા છતાં દિપડો પાંજરે પૂરાયો નથી જેના કારણે રાત્રે ખેતરમાં રાતવાસો કરવા જતાં ખેડૂતો ડર અનુભવી રહ્યા છે અને વાવેતરમાં નિલગાય તેમજ ભૂંડના ભેલાણથી નુકસાન થવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે.

દિપડાઓની વધતી વસતીના કારણે હવે વન વિભાગને વન્ય પ્રાણીઓના સંવર્ધન અને સંરક્ષણ માટે નવી નીતિ અખત્યાર કરવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. હિંમતનગર તાલુકાના રુપાલ પંથકમાં દિપડાએ ધામા નાખ્યા છે. આ વિસ્તારના ગામડાઓમાં દિપડો દેખાયા પછી પશુઓના શિકારની ઘટનાઓ પણ નોંધાઈ જેના કારણે માંડ માંડે વન વિભાગે પાંજરુ મૂકવાની સાથે આ વિસ્તારમાં રાત્રિ પેટ્રોલીંગ શરુ કર્યું છે પરંતુ દિપડાના ડરથી રાત પડે ખેત સીમાડા સૂમસામ બની જતા હોય જેના કારણે ખરીફ વાવેતરમાં ભેલાણ વધવાની દહેશત સેવાઈ રહી છે. પાંજરુ મૂકવા છતાં દિપડો સકંજામાં આવ્યો ન હોવાના કારણે રાત્રે ખેતરોમાં નિલગાય અને ભૂંડનાં ટોળાં પ્રવેશી વાવેતરનો ખુડદો બોલાવી શકે છે. દિપડાએ પશુઓના મારણ કર્યા હોવાના કારણે ખેતરમાં રાતવાસો કરવા માટે ખેડૂતોના માથે જીવનું જોખમ હોવાથી સીમાડા સૂના રહે છે અને ખેડૂતોનું મોંઘુદાટ બિયારણ વાવેતર કર્યા પછી જંગલી પ્રાણીઓના ભેલાણથી નષ્ટ થવાની સંભાવના સ્થાનિકોએ વ્યક્ત કરી છે જેથી વન વિભાગ દ્વારા દિપડાનું યોગ્ય લોકેશન મેળવી જેમ બને તેમ ઝડપથી પાંજરે પૂરે તેવી લાગણી ખેડૂતોમાંથી વ્યક્ત થઈ છે.

૩ ગામોના સીમાડામાં દિપડાથી દહેશતનો માહોલ

હિંમતનગર તાલુકાના રુપાલ પંથકના ગામડાઓમાં દિપડાએ ધામા નાખતાં વન વિભાગ દોડતું થયું છે. છેલ્લા કેટલાક દિવસથી રુપાલ, ભાવપુર અને સઢા સહિતના ગામોના સીમાડામાં દિપડો અવાર નવાર દેખાતો હોવાથી ખેતસીમાડા રાત્રે સૂમસામ બની રહ્યા છે. વન વિભાગ દ્વારા પશુ મારણની ઘટના પછી પાંજરુ મૂકવાની સાથે નાઈટ પેટ્રોલીંગ શરુ કરવામાં આવ્યું હોવાના દાવા કરાયા છે.

સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુરના એન.એસ.એસ. યુનિટ દ્વારા રાજીબા સ્કૂલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

પાલનપુર તા.૩

બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના એન.એસ.એસ. યુનિટ ધ્વારા " રાજીબા હાઈસ્કૂલ" અને જનસેવા એજ પ્રભુસેવા સંગઠનના સહયોગથી રાજીબા હાઈસ્કૂલના કેમ્પસમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યુંહતુ.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં "એક પેડ દેશ કે નામ" થીમ હેઠળ કોલેજના એન.એસ.એસ.ના ૨૦ તથા હાઈસ્કૂલના એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ લીમડા, પીપળા, બોરછલ્લી,સપ્તપર્ણી જેવા વૃક્ષો તથા મોગરો,કરેણ,વિદ્યા જેવા ફૂલ છોડ વાવ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.યોગેશ બી.ડબગરે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીઓને વૃક્ષારોપણનું મહત્વ ઉદાહરણ આપી સમજાવ્યું હતું. જન સેવા એજ પ્રભુ સેવા તરફ થી ભાઈચંદ પટેલે અને રાજીબા સ્કૂલના આચાર્ય શારદાબેન પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. આર.ડી.વરસાત, પારપડા ગામના સરપંચ શ્રી રમેશભાઈ અટોસ,જન સેવા તરફથી જયેશભાઈ સોની, હસમુખભાઈ ચૌહાણ,અશોકભાઈ પઢીયાર,રાજીબા સ્કુલના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર હરેશભાઈ ડામોર, યોગેશભાઈ મોદી તથા સ્કૂલના અન્ય સ્ટાફ પણ હાજર રહ્યો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. સ્વયંસેવક ફેનિલ પટેલના જન્મદિવસ નિમિત્તે આયોજિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. આર.ડી.વરસાતના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. સ્વયંસેવક જીજ્ઞેશ ગૌસ્વામી એ કર્યું હતું.

પ્રાંતિજના વદરાડ સેન્ટર ખાતે એફ.પી.ઓ માટે એક દિવસીય તાલીમ શિબિર યોજાઈ

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ખાતે ગુજરાત એગ્રો દ્વારા સંચાલિત એફ.પી.ઓ માટે ની એક દિવસય તાલીમ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ ના વદરાડ ખાતે આવેલ સેન્ટર ઓફ એક્સેલેન્સ ખાતે તા.૩ટ૮૨૦૨૩ ને ગુરૂવાર ના રોજ ગુજરાત એગ્રો દ્વારા સંચાલિત એફ.પી.ઓ માટે નો એક દિવસીય શિબિર તાલીમ યોજાઈ હતી જેમા કેબિનેટ કૃષિ મંત્રી રાધવજી ભાઈ પટેલ , રાજય કક્ષાના કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ , પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર , જિલ્લા પંચાયત પ્રમુખ , તાલુકા પ્રમુખ , જિલ્લા કલેકટર નૈમેષ ભાઈ દવે , જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ ભાઈ વ્હોરા , એમ.ડી સહિત ના અધિકારીની ઉપસ્થિત રહ્યા હતા તો કેબિનેટ કૃષિ મંત્રી તથા રાજયકક્ષા મંત્રીઓને વિડીયો પ્રોજેક્ટર દ્વારા સેન્ટર વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ તો કેબિનેટ કુષિ મંત્રી રાધવજી ભાઈ પટેલે ઉપસ્થિત ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા આહ્વાન કરવામા આવ્યુ હતુ તો આ એકદિવસીય શિબિર મા મોટા ભાગના એફ.પી.ઓ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા તો કાર્યક્રમ નુ સુંદર માર્ગદર્શન મેળ્યુ હતુ તો મીની ટ્રકેટર સહાય સહિત ની સહાય લાભાર્થીને આપવામા આવી હતી.

રાજયના ઓબીસી વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં અન્યાય

રાજય સરકારે ગ્રાન્ટ ન ફાળવતાં રાજયના બે લાખથી વધુ વિદ્યાર્થીઓનું ભાવિ ડામાડોળ : બે વર્ષથી શિષ્યવૃત્તિની ફાઈલો મંજુરી વગર અટવાઈ

તલોદ, તા. ૩

રાજયમાં ઓબીસી વર્ગને મળતી શિષ્યવૃત્તિ છેલ્લા બે વર્ષથી ન મળતા અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય ધુંધળા બન્યા છે. રાજય સરકાર દ્વારા શિષ્યવૃત્તિની ફાઈલો સચિવાલયમાં મંજુરી વગર અટવાઈ રહી છે. અગાઉ રાજયમાંથી જિલ્લા કક્ષાએ આ અંગેની કાર્યવાહી થતી હતી જે હવે સીધી રાજયમાંથી થતાં અનેક વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત બની અભ્યાસ માટે લાચારી અનુભવી રહ્યા છે. મળેલ વિગતો મુજબ વર્ષોથી રાજયમાં રહેલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ અર્થે સરકાર દ્વારા શિષ્યવૃત્તિ ચુકવાતી રહી છે. જેમાં રાજયના સમાજ કલ્યાણ વિભાગના પૂર્વ નિયામક કે.જી. વણઝારા આ અંગે જાગૃતિ દાખવી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળે તેવા પ્રયાસો જારી રાખ્યા હતા. પરંતુ છેલ્લા બે વર્ષથી અન્ય પછાત વર્ગને શિષ્યવૃત્તિ સંદર્ભે સચિવાલયના ધરમધક્કા થઈ રહ્યા છે. આ અંગે હાલના સમાજ કલ્યાણ કચેરી, ગાંધીનગરના પઠાણ સાહેબે જણાવ્યું હતું કે ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજય સરકારના સહયોગથી શિષ્યવૃત્તિ ચુકવાતી હોય છે. પરંતુ ગ્રાન્ટ ન ફાળવાતાં આ શિષ્યવૃત્તિ ચુકવવામાં વિલંબ થયો છે.

ઓબીસી વર્ગ ભારત સરકારે નક્કી કરેલ છે અને આ વર્ગના લોકો ગરીબ અને શિક્ષણમાં પછાત હોય છે. આપણા દેશના સંવિધાનની કલમ ૧૬ (૪૧ અને ૩૪૦)માં ઓબીસી ને પછાત વર્ગના નામે સંકલિત કરવામાં આવ્યો છે અને તે મુજબ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ ચુકવાય છે અને ગરીબ વિદ્યાર્થીઓ કોલેજ, શાળાઓ અને અન્ય અભ્યાસ કરી સક્ષમ બની શકે જે શિષ્યવૃત્તિના અભાવે રાજયના

પાલનપુરના જુના ડાયરા વિસ્તારના જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

પોલીસે જુગારીયાઓ પાસે થી રૂ.૧૬૮૦ ની રોકડ રકમ કબજે કરી

પાલનપુર તા.

પાલનપુર શહેરના જુના ડાયરા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો તીન પત્તી નો જુગાર રમતાં હોવાની બાતમીના આધારે શહેર પૂર્વ પોલીસ ની ટીમે ઓચિંતી રેડ કરીને અહી જુગાર રમતા ત્રણ ઈસમો ને રૂ.૧૬૮૦ ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુરમાં જુના ડાયરા વિસ્તારના કસાઈ વાસમાં પૈસાની હાર જીત માટે કેટલાક ઈસમો ગંજીપાના વડે તીન પત્તીનો જુગાર રમતા હોય પૂર્વ પોલીસ ની ટીમે બાતમીના આધારે ઓચિંતી રેડ કરતા અહી જુગાર રમતા ઈબ્રાહીમભાઇ ઉર્ફે ઈલું મહમંદભાઈ બેલીમ,ઈર્શાદ ભાઈ ઉસ્માનભાઈ મંહમદભાઈ બેલીમ અને ઈરફાનભાઈ ઈબ્રાહીમભાઇ મંહમદ ભાઈ બેલીમ ત્રણેય રહે.જુના ડાયરા કસાઈ વાસ પાલનપુર વાળાની પોલીસે રૂ.૧૬૮૦ ની રોકડ રકમ સાથે અટકાયત કરી તેમની સામે જુગારધારા ની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.